પૂર્વછાયો- વળી કાનમદેશ આમોદમાં, દ્વિજ ભટ્ટ દીનાનાથ ।
સંશયવત સતસંગમાં, હતો અણસમજે અનાથ ॥૧॥
એવા સમામાં આવિયો, વિમુખ અતિ મતિમંદ ।
અભાગ્ય જોગે આવી મળ્યો, જે નિર્વિકલ્પાનંદ ॥૨॥
તેણે ભટ્ટ ભરમાવિયો, આવિયો તેણે અભાવ ।
પૂરણ સંશય પાડિયો, તે વિમુખે ભજવ્યો ભાવ ॥૩॥
મેલ્યું શરણ મહારાજનું, ત્યારે ભૂતે વરત્યો લાગ ।
આવી લાગ્યાં અપત્યને, જ્યારે કર્યો સતસંગ ત્યાગ ॥૪॥

ચોપાઇ- સ્તોત્ર અષ્ટક વળી આરતી, તેણે કરીતી હરિની વિનતિ ।

માટે ભૂતનું તૂત ત્યાં નોય, વળગે હરિ વિમુખ જે હોય ॥૫॥
માટે એની સુતા જે વિમુખ, વળગ્યું ભૂત તેને દિયે દુઃખ ।
જાય ઘરમાંથી ચીજ ઉપાડી, નાખે પહેર્યાનાં લુગડાં ફાડી ॥૬॥
રાંધી રસોઇ કરે તૈયાર, આવી વિષ્ટા નાખે તે મોઝાર ।
ગોળ ઘૃત જળ દૂધ દહિં, તેમાં નાખે નરક ભૂત લઈ ॥૭॥
એમ આપે દુઃખ ભૂત આવી, નાખી જમુનાને અકળાવી ।
તેને કાઢવાને બહુ કર્યું, તોય ભૂત કેણે ન નિસર્યું ॥૮॥
પછી ભટ્ટ ઘટે પામી ત્રાસ, આવ્યા સુતા તેડી પ્રભુ પાસ ।
શિશ નમાવી હરિચરણે, કહે નાથ આવિયો હું શરણે ॥૯॥
મારી સુતા આ જમુના જેહ, આજ થકી તમારી છે તેહ ।
એને ભવિષ્યે વળગ્યું ભૂત, તેનું તન મનમાં છે તૂત ॥૧૦॥
તેણે કરી બેહાલ બીચારી, માટે આવી એ શરણ તમારી ।
ધારી નિયમ કરશે ભજન, તે સામું તમે જોજ્યો જીવન ॥૧૧॥
ત્યારે શ્રીહરિ બોલિયા એમ, દેવ બ્રાહ્મણ ને ભૂત કેમ ।
તારે દ્વિજ કહે જોડી હાથ, દેવ બ્રાહ્મણ પણ અનાથ ॥૧૨॥
માટે આજથી નાથ તમારો, પ્રભુ ગુનો જોશો માં અમારો ।
એમ કહીને નામિયું શિશ, ત્યારે ભૂત ભાગ્યું નાખી ચીસ ॥૧૩॥
તેહ જણાણું સર્વે જનને, જોઈ આશ્ચર્ય માન્યું મનને ।
થયો પરચો પ્રકટ પ્રમાણ, ગયું ભૂત જે કરતું હેરાણ ॥૧૪॥
દેશ દંઢાવ્યે વિશનગર, દ્વિજ શોભારામ ત્યાં નાગર ।
તેણે રાખી રાક્ષસની રીત, કરે સતસંગનો દ્રોહ નિત ॥૧૫॥
કાવે સતસંગી જે નરનાર, તેને લઈ કર્યા નાત બાર ।
વળી સરકારમાં કરી ચાડી, સતસંગીને વિપત્ય પાડી ॥૧૬॥
હરે ફરે કરે કાંઈ કામ, નિંદે સતસંગીને આઠું જામ ।
એમ કરતાં વીત્યા કાંઈ દન, પછી બોલ્યો થઈને પ્રસન્ન ॥૧૭॥
બહુ દિવસથી દ્વેષ કરૂંછું, તોય સાજો સુખીયો ફરૂંછું ।
પછી સતસંગીને એમ કહ્યું, સ્વામી જુઠા કાં ફુટ્યું છે હૈયું ॥૧૮॥

જો સ્વામીજી સાચા ભગવાન, તો હું માગું છું એ વરદાન ।
આજ થકી આઠ દનમાંઈ, થાઉં આંધળો ન દેખું કાંઈ ॥૧૯॥
તો સાચા સ્વામી ને સતસંગ, જો થાઉં આઠ દનમાં અપંગ ।
ત્યારે સતસંગી કહે વિમુખ, શીદ મુખે માગી લેછે દુઃખ ॥૨૦॥
સ્વામી શીદ કરે કેને અંધ, એવું માગીયે ન મતિમંદ ।
ત્યારે શોભારામ બોલ્યો મુખે, મેં માગ્યું તે થાય મર સુખે ॥૨૧॥
ત્યારે શ્રીહરિ છે કલ્પવૃક્ષ, તિયાં ચિંતવ્યું થાવા અચક્ષ ।
પછી વાયદો વેગળો રહ્યો, દિન ચ્યારમાં આંધળો થયો ॥૨૨॥
એવી વિમુખ જીવની રીત, સમુ ચિંતવી ન શકે ચિત્ત ।
પછી તેને જોઈ બીજે જને, માન્યો પ્રકટ પરચો મને ॥૨૩॥
એમ પરચા અપરમપાર, આપે હરિ હજારે હજાર ।
તે કહેતાં લખતાં ન આવે અંત, સમજી લેજ્યો સદ્‌બુદ્ધિવંત ॥૨૪॥
વળી વાત કહું એક સારી, લેજ્યો હરિજન હૈયે ધારી ।
કચ્છ દેશમાં ભુજનગર, તિયાં સુતાર નામ સુંદર ॥૨૫॥
તે સત્સંગમાં શિરોમણી, પણ રાખતો પ્રવૃત્તિ ઘણી ।
મોટામોટા માણસનો મોબતી, શેઠ શાહુકારનો સોબતી ॥૨૬॥
તેતો સર્વે હરિથી વિમુખ, તેની રાખે નિત્ય પ્રત્યે રૂખ ।
એમ ગઈ આયુષ સઘળી, તોય ચેતી શક્યો નહિ વળી ॥૨૭॥
ત્યાંતો આવિયો દેહનો કાળ, થયું તન પરવશ તતકાળ ।
જાગ્રત અવસ્થામાં ન રહેવાય, સદ્ય સ્વપ્ન અવસ્થામાં જાય ॥૨૮॥
જ્યારે બોલે સ્વપ્નમાં રહી, કરી ઉપાધિ દેખાડે કહી ।
પછી આવે જાગ્રતમાં જ્યારે, થાય અતિશે ઓરતો ત્યારે ॥૨૯॥
પછી પસ્તાપ કરીને બોલે, કોઈ મૂરખ નહિ મુજતોલે ।
આવા સતસંગી ને શ્રીમહારાજ, તેને મૂકી મેં કર્યું અકાજ ॥૩૦॥
માટે શઠમાં હું શિરોમણિ, એમ કરે છે પસ્તાપ ઘણી ।
હવે પ્રભુ છે અધમઉદ્ધાર, એ પક્ષે કરે તો કરે વાર ॥૩૧॥
પણ મુજથી કાંઈ ન સર્યું, એમ કહીને સ્તવન કર્યું ।

ત્યારે હરિ છે દીનદયાળ, જાણી દીન આવ્યા તતકાળ ॥૩૨॥
દિધું દાસને દર્શનદાન, નિરખ્યા સુંદરે શ્રીભગવાન ।
નિર્ખિ હરખ પામિયો અતિ, પછી કરવા લાગ્યો વિનતિ ॥૩૩॥
જેવા દિઠા અંતસમે નાથ, તેવા કહેવા લાગ્યો જોડી હાથ ।
કહે નમો અનંત અપાર, જેની મૂર્તિ હજારે હજાર ॥૩૪॥
વળી હજારે હજારે ચર્ણ, નેત્રા હજારે હજાર કર્ણ ।
શિર ઉરુ હજારે હજાર, બહુ બાહુ ને નામ અપાર ॥૩૫॥
આદિ અંતે મધ્યે અવિનાશ, કોટિ કલ્પ ગિયે નહિ નાશ ।
એવું દીઠું સુંદરજીએ રૂપ, તેવું કહ્યું સ્વામીનું સ્વરૂપ ॥૩૬॥
વળી સતસંગી નરનાર, તે પણ દિઠા તેજના અંબાર ।
એવા દિઠા હરિ હરિજન, જોઈ કરે છે પસ્તાપ મન ॥૩૭॥
કહે હું ન સમજયો લગાર, આતો વાત અતોલ અપાર ।
ખોટ સંસારી સ્વારથમાંઈ, આવ્યો અંત કમાઈ કમાઈ ॥૩૮॥
તેતો ન આવ્યું આ સમે કામ, સુત વિત ભાઈ વળી ભામ ।
સર્વે વહાલાં તે થયાં છે વૈરી, એમ કરે શોચ ફેરીફેરી ॥૩૯॥
પછી કહી છે સહુને વાત, હવે તન થાશે મારું પાત ।
આવ્યા છે મને તેડવા નાથ, હું જાઉં છું મહારાજને સાથ ॥૪૦॥
કઈ વારના ઉભા છે આવી, મુજ કારણે વિમાન લાવી ।
એમ કહિને શિખ જ માગી, પછી તરત દિધું તન ત્યાગી ॥૪૧॥
તજયું દેહ તેહ તતકાળ, તેડી ચાલ્યા છે પોતે દયાળ ।
જોઈ આશ્ચર્ય પામિયા જન, પછી કહેવા લાગ્યા ધન્યધન્ય ॥૪૨॥
થયો પરચો સહુએ પ્રમાણ્યું, એવું જોઈને આનંદ આણ્યું ।
એવા પરચા અપરમપાર, થાય આ સમે લાખો હજાર ॥૪૩॥
તેનો કહેતાં આવે કેમ અંત, થોડે ઘણું માનો બુદ્ધિવંત ।
દેશોદેશ વળી ગામોગામ, કરે દયાળુ દાસનાં કામ ॥૪૪॥
જન જન પ્રત્યે જાુજવા જેહ, થાય પરચા ન લખાય તેહ ।
સર્વે દાસને સુખ દિધું છે, એવું બિરૂદ પહેલાંથી લીધું છે ॥૪૫॥

સ્વામી રામાનંદજીની પાસે, માગી લીધું છે પોત્યે હુલાસે ।
કહે સતસંગી નામ કહેવાય, કોઈ રીત્યે એ દુઃખી ન થાય ॥૪૬॥
એનું આવે અમને એ દુઃખ, એહ ભોગવે સદાય સુખ ।
તે વચન વાલે સત્ય કિધું, સર્વે સત્સંગીને સુખ દિધું ॥૪૭॥
એવો સત્સંગી કોઈ ન કાવે, જેને તેડવા નાથ ન આવે ।
જાણો અવશ્ય ટેક એ ખરી, છુટે તન આવે જ્યારે હરિ ॥૪૮॥
એનું આશ્ચર્ય ન માને કોય, પ્રભુ હોય તિયાં એમ હોય ।
સ્વયં પ્રભુ આજ સહજાનંદ, તેણે વરતે છે સહુને આનંદ ॥૪૯॥
કોઈ વાતની ન રહી ખામી, મળ્યા જેને સહજાનંદ સ્વામી ।
કૃપાનિધિ જે કરુણાકંદ, મળ્યે મગન કહે નિષ્કુળાનંદ ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજી મહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને સતાવનમું પ્રકરણમ્ ॥૧૫૭॥